# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૧૦ જુલાઈ, ૨૦૧૫ (શુક્રવાર)

### 1) ઈસરો બ્રિટનના પાંચ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મુકશે :–

- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) તેનું સૌથી વજનદાર કમર્શિયલ લોન્ચિંગ કરશે.
- શ્રી હરીકોટા સતીષ ધવન સ્પેસ સેંટરથી આજ ૧૦ જુલાઈના રાત્રે ૮:૫૮ વાગ્યે PSLV – C - 28 બ્રિટેનના પાંચ ઉપગ્રહોને તરતા મુકશે.
- PSLV – C – 28 અત્યાર સુધીનો સૌથી વધુ ૧૪૪૦ કિગ્રા પે લોડ લઈને જશે.
- ઈસરોનો આ અગાઉનો સૌથી ભારે કોમર્શિયલ પે લોડ ફ્રેંન્ચ ઉપગ્રહ સ્પોટ – ૭ હતો જેનું વજન ૭૧૨ કિગ્રા હતું.
- બ્રિટેન ના પાંચ ઉપગ્રહો પૈકી ત્રણ આઈડેન્ટિકલ ઓપ્ટિકલ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે જેનું પ્રત્યેકનું વજન ૪૪૭ કિગ્રા છે જ્યારે એક માઈક્રો અને એક નેનો સેટેલાઈટનું વજન અનુક્રમે ૯ અને ૭ કિગ્રા છે.
- PSLV રોકેટ ૧૯૯૩ થી કાર્યરત છે
- અત્યાર સુધીમાં પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હિકલ (PSLV) એ વિવિધ ૧૯ દેશોના ૪૦ ઉપગ્રહો લોન્ચ કર્યા છે.
- આ લોન્ચિંગ સફળ થશે એટલે PSLV સ્કોર ૪૫ ના આંકડે પહોંચશે.
- ૪૪ મીટર ઉંચા PSLV નું વજન ૩૨૦ ટન છે.
- વર્ષ ૨૦૦૮ માં PSLV એ એક સાથે ૧૦ ઉપગ્રહો લોન્ચ કરીને એક જ વખતમાં સૌથી વધુ સેટેલાઈટ લોન્ચ કરવાનો વિક્રમ સર્જ્યો હતો.

### 2) BRICS સમિટ – 2015 :–

- ૭ મી બ્રિકસ શિખર બેઠકનું આયોજન રશિયાના ઉફા ખાતે થયું હતું.
- બ્રિકસના સભ્ય દેશો અને તેના વડા :–
  – બ્રાઝિલ :– ડિલ્મા રૌરચેફ (પ્રમુખ)
  – રશિયા :– વ્હાદિમિર પુટીન (પ્રમુખ)
  – ઈન્ડિયા :– નરેન્દ્ર મોદી (વડાપ્રધાન)
  – ચીન :– શી ઝિનપીંગ (પ્રમુખ)
  – સાઉથ આફ્રિકા :– જેકબ ઝૂમા (પ્રમુખ)

### 3) અમૃતા યુનિવર્સિટી :–

- તાજેતરમાં સંયુકત રાષ્ટ્રસંઘની પેટા સંસ્થા યુનાઈટેડ નેશન્સ એકેડમીક ઈમ્પેકટ દ્વારા ટેકનોલોજિકલ ડેવલપમેન્ટ પર કોન્ફરન્સ યોજાઈ હતી.
- આ કોન્ફરન્સ તામિલનાડુની કોઈમ્બતુર ખાતે આવેલ અમૃતા યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી.
- અમૃતા યુનિવર્સિટીના સ્થાપક માતા અમૃતામયીએ વિશ્વભરમાંથી આવેલા ૭૦૦ થી વધારે પ્રતિનિધિઓને સંબોધ્યા હતા

### 4) ક્રિસ ગેઈલના T – 20 માં 8000 રન પુરા :–

- વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટર ક્રિસ ગેઈલ ક્રિકેટના સૌથી નાના ફોર્મેટ T – 20 માં 8000 રન પુરા કરી અનોખી સિધ્ધી મેળવી હતી.
- ગેઈલ ૮૦૦૦ રન કરનાર વિશ્વનો પ્રથમ બેટસમેન બની ગયો છે.
- ગેઈલના નામે સૌથી ઝડપી ૬, ૭ અને ૮ હજાર રન બનાવવાનો રેકોર્ડ છે.
- તેણે આ સિધ્ધી કેરેબિયન પ્રીમિયર લીગમાં જમૈકા તાલાવહ તરફથી રમતાં મેળવી હતી.

Vivekanand Academy, Gandhinagar